## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



તું કોઈ કલ્ચરને ફાયદો થાય એવું કે કોઈ ધાર્મિક કામ કરવાનો હોય તો જ ઝાડ કાપવાની છુટ મળે... શું સમજ્યો...!!

# સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં વરસાદ

### પાકને નુકસાનનો ભય : રાજકોટ જિલ્લાના જેતપુર, વીરપુરમાં વરસાદ નોંધાયો : કેરીના પાકને પણ નુકસાનના ભયથી ખેડૂત સમુદાય ચિંતાતુર : હજુ વરસાદ પડવાની આગાહી : હવામાનમાં ફરીવાર પલટાથી વરસાદી માહોલ સર્જાયો

અમદાવાદ,તા. ૧૩

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં હિમવર્ષા અને વરસાદની સ્થિતિ વચ્ચે સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં વરસાદ થયોછે અને હવામાનમાં પલટો આવ્યો છે. રાજકોટ, જેતપુર, વીરપુરમાં વરસાદ પડ્યો છે જેના પરિણામ સ્વરુપે ખેડૂત સમુદાયમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. હવામાન વિભાગ તરફથી સૌરાષ્ટ્ર, કચ્છ, દીવ દમણના કેટલાક ભાગોમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આજે વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉનાળાની ધીમીરીતે શરૂઆત થવા જઈ રહી છે ત્યારે હવામાનમાં પલટા વચ્ચે વરસાદની શરૂઆત થઈ છે. જ્યોતિષિઓ પણ કહી રહ્યા છે કે ગ્રહોમાં ફેરફાર, ભૌગોલિક સ્થિતિ અને અન્ય યોગના પરિણામ સ્વરુપે ઉત્તારીય પહાડી વિસ્તારોમાં હિમવર્ષાનો દોર રહેશે. કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૨.૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૧.૧ ડિગ્રી રહ્યું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૩૩ અને ૧૯ ડિગ્રી ક્રમશઃ મહત્તમ અને લઘુત્તમ તાપમાન નોંધાયા હતા. કૃષિ સમુદાય ચિંતાતુર થવા માટે પણ કેટલાક કારણો છે. સૌરાષ્ટ્ર સિવાય કચ્છમાં પણ વરસાદ થયો છે. રાજકોટ જિલ્લામાં જેતપુર, વીરપુર સહિતના હાઈવે પર વરસાદ થયો છે. જેથી રાજમાર્ગો ઉપર પાણી ભરાઈ ગયા હતા. બીજી બાજુ કેરીના શોખીન લોકો માટે તથા કૃષિ સમુદાય માટે નિરાશાજનક સમાચાર છે. ઘણી જગ્યાએ મોર ખરી જવાની શક્યતા દેખાઈ રહી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારમાં આજે સવારથી જ વરસાદી વાતાવરણ જોવા મળ્યું હતું. આગામી ૨૪ કલાકમાં વરસાદની આગાહી કરાઈ છે. ઉનાળાની શરૂઆત થઈ રહી છે ત્યારે ખેડૂત સમુદાય ચિંતાતુર છે. કેરીના પાકને નુકસાન થવાની દહેશત દેખાઈ રહી છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરાઈ નથી પરંતુ હળવા વરસાદની આગાહી કરાઈ છે. પ્રદેશ ઉપર નીચલી સપાટીએ ઉત્તર પશ્ચિમી પવનો ફુંકાઈ રહ્યા છે. આજે રાજ્યભરમાં સૌથી વધારે મહત્તમ તાપમાન વલસાડમાં ૩૪.૯ ડિગ્રી રહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પંજાબ અને હરિયાણામાં પણ કમોસમી વરસાદના પરિણામ સ્વરુપે ઘઉંના પાકને ભારે નુકસાન થયું છે. શુક્રવારે વરસાદની શરૂઆત થયા બાદ હજુ પણ વરસાદનો દોર જારી રહ્યો છે. ઘઉં, અન્ય પાક અને શાકભાજીને નુકસાન થયું છે. ઘણા જિલ્લાઓમાં ખેડૂતોની હાલત કફોડી બની છે. અમૃતસર, જલંધર, ગુરદાસપુર, ફતેહગઢ, કપૂરથલા, લુધિયાણા, ફરિતકોટમાં ઘઉંના પાકને નુકસાન થયું છે. હરિયાણામા અંબાલા, કરનાલ, હિસ્સારમાં પાકને ભારે નુકસાન થયું છે. ચિંતાજનક બાબત એ છે કે, હરિયાણા અને પંજાબ અનાજ પૈકી દેશમાં ૬૦ ટકા અનાજ ઉપલબ્ધ કરાવે છે. હવામાન વિભાગે ઉત્તર ભારતમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા અને ચંદીગઢ અને દિલ્હીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હિમાચલમાં ભારે હિમવર્ષા થઈ છે.

## ધોરણ-૧૦માં આજે સમાજ વિજ્ઞાન ૧૨ કોમર્સમાં વાણિજ્ય વ્યવસ્થા

અમદાવાદ,તા. ૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડ પરીક્ષા ચાલી રહી છે ત્યારે આવતીકાલે ધોરણ ૧૦માં સમાજ વિજ્ઞાનનું પેપર રહેશે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય વ્યવસ્થાનું પેપર રહેશે જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી વિષયનું પેપર રહેશે. બોર્ડની મુખ્ય વિષયની પરીક્ષા પુરી થવા આવી છે. ખાસ કરીને ધોરણ ૧૦માં વિજ્ઞાન અને ગણિતના પેપર પૂર્ણ થઈ ગયા બાદ વિદ્યાર્થીઓ મોટી રાહત અનુભવ કરી રહ્યા છે છતાં ઉંચા માર્ક મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ તમામ વિષયમાં એક સમાન તક આપવામાં લાગેલા છે.

ધોરણ ૧૦ બોર્ડની ગણિતના પરીક્ષાના દિવસે સોશિયલ મિડિયા પર ગણિતના પેપરને લઈને હોબાળો મચી ગયો હતો. જો કે, પેપર લીક થયા હોવાના અહેવાલને ભાવનગરના ડીઈઓ દ્વારા રદિયો આપવામાં આવ્યો છે. સોશિયલ મિંડિયા ઉપર ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષાનું ગણિતનું પેપર વાઈરલ થઈ ગયા હોવાના અહેવાલ બાદ ભારે દોડધામ મચી ગઈ હતી. જો કે, આ અહેવાલ ખોટા હોવાની માહિતી મોડેથી જારી કરાઈ હતી.

## પરીક્ષા સેન્ટરથી ફોન કબજે કરાયા

બોર્ડની પરીક્ષા ચાલી રહી છે ત્યારે પરીક્ષા સેન્ટરોમાં ગોઠવવામાં આવેલા સીસીટીવીથી ઘણા ફાયદા થઈ રહ્યા છે. સીસીટીવીના પરિણામ સ્વરુપે જ હવે સામાન્ય પ્રવાહનો ધોરણ ૧૨નો એક વિદ્યાર્થી પાલડી વિસ્તારમાં યુએમ ભગત હાઈસ્કૂલમાં પોતાના સેલફોનથી કોપી કરી રહ્યો હતો ત્યારે ઝડપાઈ ગયો હતો. આવી જ રીતે ભાવનગરના મહુવામાં પણ આઠ વિદ્યાર્થીઓ સેલફોન સાથે ઝડપાઈ ગયા હતા. પરીક્ષા સેન્ટરોથી સેલફોનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આના માટે કેટલીક સૂચનાઓ પણ અગાઉ જારી કરાઈ હતી.



ગાંધીનગરના કેટલાક સેવાભાવી યુવાનો દ્વારા સે. ૧૬માં બ્રહ્મસમાજ ભવન પાસે રવિવારની સવારે ''ગાયત્રી યજ્ઞ''નું આયોજન હાથ ધરાયું હતું. શહેરમાં વર્ષ દરમ્યાન આકસ્મિક સંજોગોમાં મૃત્યુને ભેટેલા નાના બાળકોની આત્માને શાંતિ આપવાના હેતુથી યોજાયેલા આ યજ્ઞમાં શહેરના કેટલાક અગ્રણી નગરજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ યુવાનો દ્વારા સે. ૧૬ની ઝુંપડપટ્ટીના બાળકોને શિક્ષણ આપતો સેવાયજ્ઞ નિયમિત રીતે હાથ ધરાય છે. ગાયત્રી યજ્ઞમાં મૃતક બાળકોને શ્રદ્ધાંજલિ સાથે સ્વચ્છતાના મુદ્દે પણ સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

## ગણિતમાં નાપાસ વિદ્યાર્થીની ટકાવારી ૧૩૦ ટકા વધી છે

અમદાવાદ,તા. ૧૩

છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ગણિતમાં નાપાસ થઈ રહેલા વિદ્યાર્થીઓની ટકાવારીમાં ૧૩૦ ટકાનો વધારો થયોછે. આ વધારા માટે કેટલાક કારણોને જવાબદાર ગણવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ધોરણ ૧૦માં નાપાસ થતાં વિદ્યાર્થીઓની સંખ્યા વધવા માટેના ઘણા કારણો રહેલા છે. બાળકોમાં આધારશીલા ખુબ નબળી હોવાના પરિણામ સ્વરુપે ગણિતમાં નાપાસ થવાનો પ્રવાહ વધી રહ્યો છે. શહેરી વિસ્તારોમાં રહેતા બાળકો ગણિતમાં નબળા હોવાનું જાણવા મળી રહ્યું છે. મોટાભાગે બાળકો કેલક્યુલેટર ઉપર આધારિત રહે છે જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ સમસ્યા રહેતી નથી. કારણ કે, શિક્ષકોના અભાવમાં બાળકો વધારે પડતા હાથથી ગણતરી કરતા રહે છે. આ પ્રવાહ અંગે ટિપ્પણી કરતા ગણિતના નિષ્ણાત ટીચરોનું કહેવું છે કે, છેલ્લા કેટલાક વર્ષમાં વિદ્યાર્થીઓને તેમના દિમાગમાં સવાલ કરવા માટે તૈયાર કરવામાં આવે છે. સાથે સાથે દરરોજ ઉપયોગ કરાતી ચીજવસ્તુઓ ઉપર પણ આધાર રાખવામાં આવે છે.

ધોરણ ૧થી ૭ વચ્ચેના ગાળામાં દરેક બાળક ગણિતમાં નબળા રહી જાય છે. આવી સ્થિતિમાં આ પ્રવાહ આગળ પણ વધે છે. હાલના દિવસોમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બાળકો કેલ્ક્યુલેટર ઉપર આધારિત થઈ ગયા છે. કેટલીક સ્કૂલોના પ્રિન્સિપલનું પણ કહેવું છે કે, વિદ્યાર્થીઓની ઈચ્છા શક્તિને લઈને પણ ગણિતમાં ઉદાસીનતા જોવા મળે છે. આ વિષયને લઈને દહેશત પણ અનુભવ કરે છે. ગણિતના સ્તર અને ધારાધોરણોમાં એકાએક વધારો થયો છે જેથી વિદ્યાર્થીઓ આ વિષયથી દૂર ભાગી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં ખાનગી સ્કૂલોમાં ગણિતના શિક્ષકો મળી રહ્યા નથી. વિજ્ઞાનના શિક્ષકો મોટાભાગે ગણિત ભણાવી રહ્યા છે. વિષય નિષ્ણાત ટીચર નહીં હોવાથી પણ આ સમસ્યા સપાટી ઉપર આવી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં અહેવાલથી ભારે ખળભળાટ મચી ગયો છે.

## આગામી ૨૦મીએ દિલ્હીમાં સુફી કોન્ફરન્સ

અમદાવાદ, તા. ૧૩

કેટલાક આંતકવાદી ઈસ્લામી સુરત (ચહેરા) દર્શાવી પવિત્ર ઈસ્લામ ધર્મ જે અમન, શાંતિ અને ભાઈચારાનો પ્રતિક છે. તેને બદનામ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે આવા ચહેરાઓ કે જેઓને ઈસ્લામ ધર્મ સાથે કોઈપણ જાતના લેવા દેવા નથી તેવા લોકોને ખુલ્લા પાડવા દિલ્હીના રામલીલા મેદાનમાં વિશ્વસ્તરીય સુફી કોન્ફરન્સનું તા. ૨૦મી માર્ચ ૨૦૧૬ના રોજ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઈસ્લામીક વિધ્વાનો, સ્કોલર, સૂફી, સંતો, ઉલેમાઓ ખાસ ઉપસ્થિત રહી ભારત સહિત વિશ્વભરમાં ઈસ્લામનો પ્રેમ, ભાઈચારા અને શાંતિનો સંદેશો પ્રસરાવશે તેમ ઓલ ઈન્ડિયા ઉલેમા વ મશાઈખ બોર્ડ ગુજરાત યુનિટના અધ્યક્ષ મૌલાના ગુલામ સૈયદએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, ભારતભરમાં પ્રથમવાર જ દિલ્હી ખાતે રામલીલા મેદાનમાં હઝરત સૈયદ મોહંમદ અશરફ કછોછવીની અધ્યક્ષતા હેઠળ યોજાનાર આંતરરાષ્ટ્રીય સુફી કોન્ફરન્સમાં વિશ્વના ૩૮ દેશોના ઉલેમાઓ, સુફી,સંતો, તેમજ દેશભરમાંથી એક લાખથી વધુ લોકો ઉપસ્થિત રહેશે.

### હિમવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રીય રાજમાર્ગને ભેખડો ધસી પડ્યા બાદ બંધ કરી દેવાયો છે. શનિવારના દિવસે જ તમામ સ્કૂલોને બંધ કરવાનો આદેશ કરાયો હતો. હજુ ભેખડો ધસી પડવાની ચેતવણી જારી કરાયેલી છે. મેરઠથી પ્રાપ્ત અહેવાલ મુજબ અહીં બહુમાળી ઈમારત ધરાશાયી થતાં પાંચ લોકોના મોત થયા છે.

પંજાબ અને હરિયાણામાં પણ કમોસમી વરસાદના પરિણામ સ્વરુપે ઘઉંના પાકને ભારે નુકસાન થયું છે. શુક્રવારે વરસાદની શરૂઆત થયા બાદ હજુ પણ વરસાદનો દોર જારી રહ્યો છે. ઘણા જિલ્લાઓમાં ખેડૂતોની હાલત કફોડી બની છે. અમૃતસર, જલંધર, ગુરદાસપુર, ફતેહગઢ, કપૂરથલા, લુધિયાણા, ફરિતકોટમાં ઘઉંના પાકને નુકસાન થયું છે. હરિયાણામા અંબાલા, કરનાલ, હિસ્સારમાં પાકને ભારે નુકસાન થયું છે. ચિંતાજનક બાબત એ છે કે, હરિયાણા અને પંજાબ અનાજ પૈકી દેશમાં ૬૦ ટકા અનાજ ઉપલબ્ધ કરાવે છે.

### માલ્યા સામે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલબત્ત રઘુનાથન બે દિવસ પહેલા જ ઈડી સમક્ષ ઉપસ્થિત થયા હતા ત્યારબાદ તેમની પુછપરછ હાથ ધરાઈ હતી. અશોક રેડ્ડીએ કહ્યું છે કે,આ ૧૮ કરોડનો મામલો છે. મેજિસ્ટ્રેટે ૫૦ લાખ રૂપિયાના ચેક બાઉન્સ થવાના મામલામાં વોરંટ જારી કર્યા છે. માલ્યાના વકીલે હાજરીમાંથી રાહત અને વધારે સમયની માંગ કરી છે.




